# હિંમતનગરના નિકોડા ગામ પાસે ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ કરનાર સાત દિવસના રિમાન્ડ પર

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નિકોડા ગામ પાસે ૧૫ દિવસ પહેલા એક ત્રણ વર્ષની બાળકી પર નજીકની ફેક્ટરીમાં મજુરી કામ કરતા મજૂરે દુષ્કર્મ કરી ઉત્તરપ્રદેશ નાસી ગયો હતો. આ અંગે ગાંભોઈપોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી જેથી પોલીસે પાંચ ટીમો બનાવી ઉત્તરપ્રદેશથી નરાધામને સાબરકાંઠા પોલીસે ગુરૂવારે સાંજે પકડી લાવ્યા હતા. શુક્રવારે કોર્ટમાં રજુ કરતા કોર્ટે દિન સાતના રિમાન્ડ મંજુર કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરથી ૧૫ કિમી દૂર આવેલ નિકોડા ગામની સીમમાં ૨૫ જૂનની મોડી સાંજે ૬ વાગેના સુમારે ઘર આગળ રમતી અંદાજે ત્રણ વર્ષની બાળકીને લલચાવીને નજીક આવેલ એક લોખંડની ફેક્ટરીમાં મજુરી કામ કરતો ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના બેલથરા રોડ તાલુકાના ખંડવા ગામનો રહેવાસી ગીરીજેશ ઉર્ફે બ્રિજેશ ઉર્ફે વિજય ગુલાબ ચૌહાણ (ઉંમર-૨૦)નો નજીકમાં બાવળની ઝાડીઓમાં લઈ ગયેલ અને તેની સાથે દુષ્કર્મ કર્યા બાદ પરત તેના ઘર આગળ બાળકીને ખાટલામાં મુકી નાસી ગયો હતો જે બનાવ અંગે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ તપાસ માટે એસઓજી, એલ.સી.બી. સહીતની ચાર ટીમો બનાવીને પી.આઈ. બી.એલ. દેસાઈ, જે.એમ. આલ, સી.એલ. સોલંકી અને પીએસઆઈ કિરણ ચૌધરી સહીતના અધિકારીઓએ મુંબઈ, રાજકોટ અને ઉત્તરપ્રદેશ પહોંચ્યા હતા. અને સ્થાનિક પોલીસની મદદથી દુષ્કર્મ કરનાર ગીરીજેશ ઉર્ફે બ્રિજેશ ઉર્ફે વિજય ગુલાબ ચૌહાણને સાબરકાંઠા પોલીસે પકડી પાડી ગુરૂવારે હિંમતનગર ખાતે લઈ આવ્યા હતા. એસઓજીએ શુક્રવારે હિંમતનગરમાં આ આરોપીને બીજી એડીશનલ કોર્ટમાં રજુ કરતા ન્યાયધીશ એ.એમ. મલેકે તા. ૧૮ જુલાઈ સુધીના દિન સાતના રિમાન્ડ મંજુર કર્યા છે.

# ખેડબ્રહ્મામાં મેઘરાજાને મનાવવા ગાયત્રી યજ્ઞ

ખેડબ્રહ્મા, તા. ૧૨


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

સમગ્ર ગુજરાતમાં વરસાદ ખેંચાતા દુષ્કાળની ભીતી સેવાઈ રહી છે અને જગતના તાતને ખેતીને લઈ ભારે ચિંતાઓ સતાવી રહી છે ત્યારે મેઘરાજાને રીઝવવા માટે અનેક રીતે ધાર્મિક આયોજન કરવામાં આવી રહ્યા છે ત્યારે ખેડબ્રહ્મામાં બજાર સમિતિ, તાલુકા કિસાન સંઘ, અનાજ બજાર વેપારી એસોસીએશન દ્વારા બજાર સમિતિમાં ગાયત્રી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ હવન ખેડબ્રહ્માના ગાયત્રી પરિવારે સંપન્ન કરાવ્યું હતું ગાયત્રી યજ્ઞ બજાર સમિતિના ચેરમેન જસુભાઈ પટેલના વડપણ હેઠળ કિસાનસંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ શામળભાઈ પટેલ, તાલુકા પ્રમુખ વકતાભાઈ પટેલ, મંત્રી દિનેશભાઈ પટેલ ખેડબ્રહ્મા તાલુકા સંઘના મેનેજર હરીશભાઈ ટી. પટેલે હવનનો ધર્મલાભ લીધો હતો. આ પ્રસંગે શૈલેષભાઈ મહેતા, બજાર સમિતિના સેક્રેટરી ડી.પી. દેવડા, વપારીઓ અને ખેડૂતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મેઘરાજાને મનાવવા પ્રાર્થના કરી હતી.

# ખેરાલુમાં નજીવી બાબતે મુસ્લીમ સમાજના જૂથો વચ્ચે હિંસક અથડામણ

મહેસાણા, તા. ૧૨

મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે નજીવી વાતમાં મુસ્લિમ સમાજના બે જૂથો વચ્ચે અથડામણ થતાં અડધો ડઝન ઉપરાંત વ્યક્તિઓ ઘાયલ થયા હતા. ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા હતા. આ ઘટનાને પગલે મુસ્લીમોના રહેણાંક વિસ્તારમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી.

જાણવા મળ્યા મુજબ જીલ્લાના ખેરાલુ ખાતે છોકરા રમવાની બાબતે મુસ્લીમોના બે જૂથો વચ્ચે રાતના સમયે અચાનક અથડામણ થઈ હતી. જેમાં હથિયારો, પથ્થરોનો છૂટથી ઉપયોગ થતાં ભારે અફડા તફડી સાથે નાસભાગ મચી ગઈ હતી. ઉગ્ર બનેલ ટોળાને વિખેરવા માટે પોલીસે ટીયરગેસના સેલ છોડ્યા હતા. જો કે આમાં કોઈને ઈજા થઈ ન હતી. બે જૂથો વચ્ચે થયેલ અથડામણમાં અડધો ડઝન ઉપરાંત વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં સેડાયા હતા. અથડામણને પગલે સમગ્ર વિસ્તારમાં પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છતાં તનાવભરી હોવાનું કહેવાય છે.

દરમિયાન અથડામણ સંદર્ભે પોલીસે બંને પક્ષોની સામ સામે રાયોટીંગ, લૂંટના ગુના દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અત્યાર સુધીમાં પોલીસો ૩૦ જેટલા વ્યક્તિઓની ધરપકડ કરી છે.

## કંપની સમાચાર

# ૨૦૧૪ દરમિયાન 'વાઈબ્રન્ટ વીસીસીઆઇ - ૨૦૧૪'નું આયોજન

### વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઔદ્યોગિક તથા સંલગ્ન ઉત્પાદનોના પ્રદર્શન માટે નવમું પ્રદર્શન

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (વીસીસીઆઈ) દ્વારા અત્યાર સુધીમાં યોજવામાં આવેલા આઠ રાષ્ટ્રીય પ્રદર્શનોને મળેલી ઝળહળતી સફળતાથી પ્રેરાઈને ચેમ્બરે હવે નવેમ્બર ૨૭થી ડિસેમ્બર ૧, ૨૦૧૪ દરમિયાન વડોદરા ખાતે ઔદ્યોગિક તથા સંલગ્ન ઉત્પાદનોનું તેનું નવમું પ્રદર્શન 'વીસીસીઆઇ - ૨૦૧૪' યોજવાનું આયોજન કર્યું છે. વધુ મહત્ત્વની વાત એ છે કે આ વખતે આ વિશાળ પ્રદર્શન વાઈબ્રન્ટ ગુજરાત સમિટના એક ભાગરૂપે યોજવામાં આવી રહ્યું છે, જેના પરિણામે તેનો વધુ સારો પ્રતિસાદ મળે એવી ધારણા છે. આશરે નવ લાખ ચોરસ ફુટ જેટલા વિસ્તારમાં પથરાયેલા આ મેગા એક્ઝિબિશનમાં ૫૦૦થી પણ વધુ સ્ટોલ હશે અને પાંચ દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં મુલાકાતીઓની સંખ્યા ૫ લાખથી પણ વધી જાય એવો અંદાજ છે. આ પ્રદર્શનમાં જાહેર તથા ખાનગી ક્ષેત્રની બ્લુચીપ કંપનીઓ સહિત વિવિધ ઔદ્યોગિક એકમો પણ ભાગ લેશે. આ પ્રદર્શનને વ્યુહાત્મક રીતે મુખ્ય પાંચ વિભાગોમાં વહેંચી નાંખવામાં આવ્યું છે. આ વિભાગોમાં ૧) એન્જિનિયરિંગ, મશિનરી, મશિન ટુલ્સ, મટિરિઅલ હેન્ડલિંગ, પ્લાસ્ટિક તથા રબરના એકમો, ૨) ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્સ્ટુમેન્ટેશન તથા ઓટોમેશન, ૩) બેન્કિગ તથા ઈન્શ્યુરન્સ, એજ્યુકેશન, આઈટી તથા ટેલિકોમ કોમ્યુનિકેશન્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૪) ગ્રીન તથા ક્લિન એન્વાઈર્નમેન્ટ ટેકનોલોજી અને ૫) ઈન્ટરનેશનલ પાર્ટિસિપન્ટ્સ પેવેલિયનનો સમાવેશ થાય છે. વાઈબ્રન્ટ વીસીસીઆઇ – ૨૦૧૪ એક્ઝિબિશનના ચેરમેન શ્રી નિલેશ શુક્લાએ જણાવ્યું હતું કે આ પ્રદર્શન યોજવા પાછળનો મુખ્ય હેતુ નાના તથા મધ્યમ કદના ઉદ્યોગોને વિશાળ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ઉપયોગી થઈ શકે એવી ડિઝાઇન, એન્જિનિયરિંગ, ઈક્વિપમેન્ટ્સ તથા અન્ય સહાયક સેવાઓની પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરવા માટેનું એક માધ્યમ પુરું પાડવાનો છે. આ ઉપરાંત વિદેશી કંપનીઓને પોતાના ઉત્પાદનો તથા સેવાને ડિસપ્લે કરવાની અને બિઝનેસ જોડાણો સ્થાપવાની તક પણ આ પ્રદર્શન પુરી પાડશે. આમ ભારતીય તથા વિદેશી કંપનીઓ વચ્ચે એક સંપર્ક સુત્ર બની આ પ્રદર્શન બિઝનેસને નવી ઊંચાઈએ લઈ જવાની તક પુરી પાડશે. શ્રી શુક્લાએ વધુમાં જણાવ્યું હતું કે જાહેર - ખાનગી ભાગીદારી એટલે કે પીપીપી મોડલ પર લઘુ તથા મધ્યમ કદના ઉદ્યોગો માટે આટલું વિશાળ પ્રદર્શન યોજવામાં આવી રહ્યું હોય એ બહુ મહત્ત્વપૂર્ણ ઘટના છે અને વધુ મહત્ત્વની વાત એ છે કે આ પ્રદર્શન યોજવા પાછળનો મૂળ હેતું ભંડોળ એકત્ર કરવાનો નથી, પરંતુ જ્ઞાન-માહિતીના વિનિમય દ્વારા લઘુ તથા મધ્યમ કદના ઔદ્યોગિક એકમોને વધુ સમૃદ્ધ બનાવી તેમના વિકાસને નવા પરિમાણ આપવાનો છે.

# વરસાદ ખેંચાતા પ્રાંતિજ સહિત જિલ્લાના કિસાનોની હાલત કફોડી



સાબરકાંઠા જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં પણ આતુરતાથી રાહ જોવાઈ રહી છે તે મેઘરાજા આ વર્ષે જાણે રીસામણા લઈને બેઠા હોય તેવું જણાઈ રહ્યું છે. આખો જૂન મહિનો કોરોધાકર ગયો અને જુલાઈના પણ દસ દિવસ વિતી ગયા છે તેમ છતાં વરસાદનું એક ટીપું પણ પડયું નથી. પરીણામે અત્યાર સુધીની તમામ આગાહીઓ અને વાતો સાવ ખોડી પડતા જગતનો તાત ગણાતો ખેડૂત બિચારો તમામ પરિસ્થિતિ ઓમાં પણ અત્યારે ઊંડી નિરાશા સાથે વરસાદની આતુરતાથી રાહ જોઈને બેઠો છે. પ્રાંતિજ તાલુકામાં ચોમાસું ખેતીની તમામ તૈયારીઓ થઈ ચુકી છે. ડાંગરના ધરૂ પાણીની સિંચાઈ સુવિધાઓ તૈયાર કરાયા છે. ખેતરો ખેડીને ચોખ્ખાચટ કરી દેવાયા છે અને વરસાદની આવવાની રાહ જોવાઈ રહી છે. હાલ બોરના પાણી દ્વારા ડાંગરના ધરૂ શાકભાજીના ધરૂ લીલા દેખાય છે પણ હજુ અઠવાડીયા સુધી વરસાદ ખેંચાશે તો તે પણ વાવણી તથા ખેતીલાયક નહીં રહે જયારે વરસાદ ના પડતા કિસાનો ને મોટો ફટકો પડશે ઉપરાંત ખેડૂતોને મોંઘાદાટ બિયારણો અને ખેતમજૂરીનું ભારણ માથે પડશે બીજી તરફ મેઘરાજાને રીઝવવા ઠેર ઠેર અખંડ ધૂન પૂજા અને અર્ચના પણ કરવામાં આવી રહી છે અને ભગવાન ભરોસે બેસી કાગડોળે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે. (તસવીર - સંજય રાવલ)

## હિંમતનગરમાં તંત્ર દ્વારા ૩૦થી વધુ કાચા દબાણો હટાવાયા

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથકે ગુરુવારે મહાવીરનગરથી મોતીપુરા સુધીની કેનાલ પર બની કેનાલ ફ્રન્ટને લઈને મોતીપુરા કેનાલ પાસે નાના મોટા કાચા ઝુંપડા બાંધી દબાણ કરવામાં આવ્યું હતું જે કેનાલ ફ્રન્ટનું કામ શરુ થતા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે જેસીબી મશીન વડે દબાણ હટાવવાનું શરુ કર્યું હતું જે મોડી સાંજ સુધી ચાલ્યું હતું અંદાજે ૩૦થી વધુ દબાણ કરાયેલા ઝુંપડા હટાવી દેવાયા હતા.


## રાણીપમાં ઓલ ઈન્ડીયા એસ્ટ્રોલોઝર્સ ફેડરેશનનો સેમીનાર યોજાયો

વડાલી, તા. ૧૨

અમદાવાદના રાણીપ ખાતે આવેલ કામધેનુ સોસાયટી-૧માં સરસ્વતી ભવન ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ઓલ ઈન્ડિયા એસ્ટ્રોલોઝર્સ ફેડરેશનના ઉપક્રમે આચાર્ય પરાશરમની અધ્યક્ષતામાં એક સેમીનાર યોજાયો હતો. આ પ્રસંગે ઈસરો વિજ્ઞાન શાળાના ભૂતપૂર્વ ડાયરેક્ટર આર.સી. ગર્ગ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય પરાશરમે આ પ્રસંગે હાજર મહાનુભાવો ઉપરાંત નવા-જૂના વિદ્યાર્થીઓને જ્યોતિષના વિષયથી થતા આ લાભલક્ષી અને સ્વાસ્થ્યલક્ષી લાભ તેમજ આ વિષયના જ્ઞાનનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગે સમાજને મદદરૂપ થાય તેવા સૂચનો કર્યા હતા. ઈસરોના ભૂતપૂર્વ ડાયરેક્ટર આર.સી. ગર્ગે આ પ્રસંગે વિજ્ઞાનથી થતા ફાયદા અને નુકસાન અંગે વાત કરી હતી. આ કાર્યક્રમના આયોજન અંગે ફેડરેશનના સેક્રેટરી મનિષ શાહ અને જયેશ દવેએ જહેમત ઉઠાવી હતી.

# મોડાસામાં ૩.૨૪ કરોડના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

મોડાસા, તા. ૧૨



અરવલ્લી જિલ્લાના સમાવિષ્ટ ૬ તાલુકાના ૯ પોલીસ સ્ટેશનોમાં છેલ્લા ૧૫ મહિના દરમ્યાન ઝડપાયેલ વિદેશી દારૂનો રૂપિયા ૩.૨૪ કરોડનો જથ્થો જેમાં ૩.૫૨ લાખ બોટલો અને ટીનનો સમાવેશ થાય છે. તેનો નાસ કરાયો હતો. મોડાસા નજીક આવેલા ગાજણ ગામ પાસે આવેલ અવાવરૂ જગ્યાએ આ દારૂનો જથ્થો એકત્ર કરી રોડરોલર મશીન દ્વારા નાશ કરાયો હતો.

આ કામગીરી દરમ્યાન અરવલ્લી જિલ્લાના પ્રાંત અધિકારી એ.જે. આચાર્ય તથા તેમના ડીવીઝનના અધિકારીઓ, મોડાસા પોલીસ વિભાગના ડીવાયએસપી કે.એફ. બડોલીયા, સી.પી.આઈ. કે.વી. સગર, ટાઉનના પી.આઈ. કે.જે. ચૌધરી ઉપરાંત અન્ય પોલીસ સ્ટેશનોના પણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા ૧૫ મહિનામાં પકડાયેલ લગભગ ૩.૫૨ લાખ વિદેશી દારૂની બોટલો અને ટીન જેવી આશરે કિંમત રૂ. ૩.૨૪ કરોડ થવા જાય છે તેનો નાશ કરાયો હતો. આ સમયે નજીકના હાઈવે પરથી પસાર થતા કેટલાક શરાબ શોખીનો નાશ થતા દારૂના જથ્થાને જોઈ નિસાસા નાંખતા પણન દેખાયા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

# સાયકલ ગુમ થતા થયેલી તકરારમાં પાંચ ઘાયલ

## ઊંઝા નજીકના ભાંખર ગામે રાત્રે નોનવેજની લારી પર થયેલી અથડામણ લોહીયાળ બની

ઊંઝા, તા. ૧૨

ઊંઝા નજીક આવેલા ભાંખર ગામે રાત્રિના સમયે એક સાયકલ ગુમ થવાની બાબતે થયેલી અથડામણમાં પાંચ વ્યક્તિઓ ઘાયલ થવા પામી હતી. ઘાયલ વ્યક્તિઓને સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ભાંખર ગામે આવેલ એક નોનવેજની લારી પર મોડીરાત્રે નાસ્તો કરવા આવેલ એક ઈસમની સાયકલ ગુમ થતા તેણે તેની શોધખોળ આદરી હતી. આ દરમ્યાન એક શખ્સ સાથે બોલાચાલી થતા આ ઈસમે તેની અદાવત રાખી મોડી રાત્રે તે શખ્સ પર મિત્રો સાથે મળીને ધારીયા, લાકડીઓ અને પાઈપો જેવા હથિયાર સાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં લારીવાળા સહિત પાંચ વ્યક્તિ ઘાયલ થઈ હતી. તેમજ કેટલાક વાહનોને પણ તેમણે નુકસાન પહોંચાડ્યું હતુ અને એક વ્યક્તિનો સોનાનો દોરો પણ પડી ગયો હતો. ઊંઝા પોલીસે લારીવાળાની ફરિયાદના આધારે સાત શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ દરમ્યાન ઘાયલ વ્યક્તિઓને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

## વરસાદ ખેંચાતા ખેડૂતોને ઘાસચારાના પાકની વાવણી કરવા અપીલ

વરસાદ ખેંચાતા ચાલુ વર્ષે રાજયમાં અછતની પરિસ્થિતી ઉભી થવા સંભવ છે. જિલ્લામાં અંદાજીત ૧૫ લાખ પશુઓ માટે ઘાસચારાની અછત થવાની સંભાવના છે. જેથી પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોને જિલ્લાના પશુઓને ઘાસચારો પુરો પાડી શકાય તે હેતુથી, વધુમાં વધુ ઘાસચારાના પાકો જેવા કે, રજકાબાજરી, મકાઇ બાજરી, જુવારઘાસ જેવા પાકોનું વાવેતર કરવા અપીલ કરવામાં આવી છે.

## તલોદ કોલેજમાં અર્થશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્રનો પ્રારંભ

તલોદ, તા.૧૨

તલોદની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ ખાતે હેમચંદ્રાચાય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા અર્થશાસ્ત્ર વિષયનું અનુસ્નાતક શિક્ષણ કેન્દ્રની મંજુરી આપવામાં આવી છે. જેને લઈ કોલેજ સત્તાવાળાઓએ અર્થશાસ્ત્ર વિષયમાં શિક્ષણ લેવા માંગતા વિદ્યાર્થીઓના પ્રવેશની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે અર્થશાસ્ત્રનું અનુસ્નાતક કેન્દ્ર મળતાં આસપાસની જનતામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને આ ઘટનાને આવકારદાયક ગણાવી રહ્યા છે.

પ્રિ. ડૉ. જગદીશચંદ્ર પટેલની રાહબરી હેઠળ તેમના કાર્યકાળ દરમિયાન તલોદ કોલજને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, એકાઉન્ટન્સી અને અર્થશાસ્ત્ર એન્ટાયર જેવા વિષયના વિવિધ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જેને અસંખ્ય વિદ્યાર્થીઓ ઘર આંગણે પી.જી. શિક્ષણ મેળવીને પોતની કારકિર્દી બનાવી રહ્યા છે. અનુસ્નાતક શિક્ષણને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવા માટેની આચાર્યની પ્રતિબધ્ધતા પણ અનુસ્નાતક શિક્ષણ અને અધ્યાપક સજ્જતા માટેનાં વર્કશોપ, સેમિનાર, સેમ્પોઝીયમ, અભ્યાસ ચિંતન શિબિર વગેરેનું આયોજન થતું રહેતું હોઈ વિદ્યાર્થી જગતમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# વાવ મુકામે આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગનું અને ભાભર ખાતે બસ સ્ટેન્ડનું લોકાર્પણ

બનાસકાંઠા જિલ્લાના વાવ મુકામે રૂ. ૬.૧૨ કરોડના ખર્ચથી નિર્માણ થયેલ અધતન સરકારી આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગનું અને ભાભર ખાતે રૂ. ૪૫ લાખના ખર્ચથી તૈયાર થયેલ બસ સ્ટેશનનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહનવ્યવહાર રાજયમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ -સંગે મંત્રીશ્રીએ -ાસંગીક -વચન કરતાં જણાવ્યું કે એક વર્ષ પહેલાં આ આઈ.ટી.આઈ.ના બિલ્ડીંગનું ખાતમૂર્હત કરવામાં આવ્યુ હતુ. જેનું સમયસર અને સારી ગુણવત્તામાં કામ પૂર્ણ થતાં આજે લોકાર્પણ થઈ રહ્યું છે. તેમણે કહ્યુ કે જ્ઞાન અને માહિતીના આ યુગમાં સમય સાથે ચાલવુ જરૂરી છે. સમયની સાથે કદમ મિલાવી ચાલવાથી ઝડપથી -ગતિ કરી શકાય છે. તેમણે કહ્યુ કે આવતીકાલના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે રાજય સરકાર ઉત્તમ ક્વોલીટી અને સ્કીલ ડેવલપમેન્ટ ઉપર વિશેષ ભાર મુકીને તે -કારના વિવિધ કોર્ષ જુદી જુદી આઈ.ટી.આઈ.માં ચલાવે છે.વાવની આઈ.ટી.આઈ.માં અત્યારે ૪ ટ્રેડ છે અને જરૂરીયાત -માણે વધુ ટ્રેડ શરૂ કરવામાં આવશે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને સંબોધતા કહ્યુ કે આજે ખેતી પણ ઉધોગ બની રહ્યો છે. ખેતી હવે મજુરીનો નહીં પરંતું મેનેજમેન્ટનો વિષય બન્યો છે. આધુનિક ટેકનોલોજીની મદદથી ખેતીના વ્યવસાયમાં પણ સારી આવક મેળવી શકાય છે. વાવ મુકામે અધતન આઈ.ટી.આઈ. બનવાથી આ વિસ્તારના વિધાર્થીઓને ઉજ્જવળ કારકિદી બનાવવાની સુવર્ણતક મળી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧